કાવી કંબોઈ દરિયાકાંઠે કુદરતનું અચરજ: દુર્લભ જળચર સૃષ્ટિની ઝલક



ભરૂચ: જંબુસરના કાવી કાંબોઈ દરિયાકિનારે દરરોજ મોટી સંખ્યામાં પ્રવાસીઓ દરિયાઈ સૌંદર્ય માણવા આવે છે. ત્યારે અચાનક દરિયાની ભરતી અને ઓટ વચ્ચે અદભૂત જળચર સૃષ્ટિની એક દુર્લભ ઝલક જોવા મળી હતી. દરિયાકિનારાની રેતી અને લહેરોની સપાટી પર તરતી, જેલીફિશ જેવી આરપાર દેખાતી અચરજ પમાડતી જળચર જીવ ધ્યાને ચઢી હતી. સામાન્ય રીતે આવા જળચર જીવો દરિયાના ઊંડાણવાળા ભાગમાં વસવાટ કરતાં હોય છે. પરંતુ કિનારા સુધી પહોંચેલી આ કુદરતી રચનાએ ત્યાં હાજર દરેક વ્યક્તિને આકર્ષિત કરી દીધા છે. દરિયાની મોજાંઓની લહેરો વચ્ચે ઝૂલતી આ જળચર રચનાના વિશિષ્ટ આકાર અને તેના સૌંદર્યને જોઈને સ્થાનિક ગ્રામજનો તેમજ બહારગામથી આવેલા સહેલાણીઓ ભારે અચરજમાં મુકાઈ ગયા હતા. સમુદ્રકાંઠે ઉપસ્થિત લોકોમાં આ અજાણ્યા જળચર જીવને લઈને જાતજાતની ચર્ચાઓ શરૂ થઈ હતી. ઘણા લોકોએ કુદરતની આ અનોખી કારીગરીને પોતાના કેમેરામાં કેદ કરવાનો પ્રયાસ કર્યો હતો.

ઝાડેશ્વરમાં છઠ પૂજાએ 25 હજાર શ્રદ્ધાળુ ઊમટશે

ભરૂચ જિલ્લામાં છઠ્ઠ પૂજાની તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાયો

ભરૂચ, અંકલેશ્વર: ભરૂચમાં ઉત્તર ભારતીય પરિવારો 32 વર્ષથી છઠ પૂજાની ઉજવણી કરે છે. આ વર્ષે ઝાડેશ્વરના નર્મદા પાર્ક ઓવારા ખાતે ચાર દિવસીય છઠ મહોત્સવ યોજાઈ રહ્યો છે. તેમાં જિલ્લાભરમાંથી 25 હજારથી વધુ શ્રદ્ધાળુઓ જોડાય તેવી અપેક્ષા છે. દિનકર સેવા સમિતિના નેજા હેઠળ નીલકંઠેશ્વર મહાદેવ મંદિર પાસેના નર્મદા પાર્ક ઓવારા ખાતે મહોત્સવનું આયોજન કરાયું છે. સ્થળે મંડપ અને પૂજાની વ્યવસ્થા સહિતની તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

દિનકર સેવા સમિતિના પ્રમુખ ડૉ. જીતેન્દ્ર રાજપૂતે જણાવ્યું કે ચાર દિવસીય મહોત્સવ શરૂ થઈ ગયો છે. પહેલા દિવસે નહાય-ખાય, બીજા દિવસે ખરના, ત્રીજા દિવસે સંધ્યા અર્ઘ્ય અને ચોથા દિવસે ઉગતા સૂર્યને પ્રાતઃ અર્ઘ્ય અપાશે. ત્યાર બાદ પૂજાનું સમાપન થશે.

સાથે અંકલેશ્વર સહિત ભરૂચ જિલ્લાને કર્મભુમિ બનાવનાર ઉત્તર ભારતીય રહીશોના પવિત્ર પર્વ છઠ પૂજા માટેની તૈયારીઓના ભાગરૂપે જળાશયોની સાફસફાઈથી માંડીને પૂજાના સ્થળો ઊભા કરવામાં આવ્યા હતા.

અંકલેશ્વરના ગડખોલ, સંજાલી, કોસમડી ગામ નજીક નહેર પાસે ઉત્તર ભારતીય સમાજના આગેવાનો દ્વારા સાફ-સફાઈ કરી પૂજા સ્થળની વ્યવસ્થા કરવામાં આવી હતી.



માંડવી ખાતે જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી અંતર્ગત 'યુવા સંમેલન' યોજાયું

વિવિધ ક્ષેત્રે સિદ્ધિ મેળવેલા આદિજાતિ યુવા પ્રતિભાઓએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા



હિતેશ પટેલ

માંડવી: માંડવીના ઓડિટોરિયમ હોલ ખાતે જનજાતીય ગૌરવ દિવસની સાપ્તાહિક ઉજવણીના ભાગરૂપે ધારાસભ્ય કુંવરજી હળપતિના અધ્યક્ષ સ્થાને 'યુવા સંમેલન' યોજાયું હતું. ભગવાન બિરસા મુંડાની પારંપરિક પૂજા અર્ચના સાથે શરૂ કરાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યુવાઓને સમાજ અને દેશના કલ્યાણ માટે જાગૃત કરવાનો હતો.

આ પ્રસંગે ધારાસભ્યએ દેશની આઝાદીમાં મહત્વનો ફાળો આપનાર યુવા ક્રાંતિકારી આદિજાતિ ભગવાન બિરસા મુંડાના બલિદાન વિશે યુવા વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા. માત્ર ૨૫ વર્ષની વયે માતૃભૂમિના રક્ષણ માટે ભગવાન બિરસા મુંડા અને તેમના જેવા અનેક આદિજાતિ શૂરવીરોએ શહીદી વ્હોરી હોવાનું જણાવ્યું હતું. તેમણે શ્રી ગોવિંદ ગુરુ, રૂપસિંહ નાયક અને સ્વામી વિવેકાનંદ જેવા મહાનાયકોના યોગદાનને યાદ કરી યુવાઓને તેમનામાંથી પ્રેરણા લઈ શિક્ષણ મેળવવા, ધ્યેય અને સંઘર્ષ સાથે આગળ વધવા પ્રોત્સાહન આપ્યું હતું.

આ પ્રસંગે છોટા ઉદેપુર જિ.પં. પ્રમુખશ્રી ઉપેન્દ્રભાઈ રાઠવાએ યુવાઓને સંબોધતા તેઓને વિશ્વ આદિવાસી દિવસ (૯ ઓગસ્ટ) અને જનજાતિ ગૌરવ દિવસ (૧૫ નવેમ્બર) વચ્ચેનો તફાવત સમજાવી તા.૧૫ નવેમ્બરને ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી નિમિત્તે 'જનજાતિય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનું જાહેર કરાયું હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે તાજેતરમાં વિવિધ ક્ષેત્રે સિદ્ધિ મેળવેલા યુવા પ્રતિભાઓએ પોતાના પ્રતિભાવ આપી અન્ય યુવાઓને સરકારની વિવિધ યોજનાઓનો લાભ મેળવી શિક્ષિત બનવા સમાજ અને દેશમાં મહત્વનું યોગદાન આપવા પ્રોત્સાહન આપ્યું હતું. આ પ્રસંગે માંડવી નગરપાલિકા પ્રમુખ અમિષાબેન રાઠોડ, માંડવી તા.પં.પ્રમુખ શારદાબેન વસાવા, અરેઠ તા.પં.પ્રમુખ મુકેશભાઈ ચૌધરી, માંડવી પ્રાંત અધિકારી, માંડવી-અરેઠ તાલુકા વિકાસ અધિકારીઓ, જિલ્લા મહામંત્રી અંકુરભાઈ દેસાઈ સહિત મોટી સંખ્યામાં યુવા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

છઠ પૂજાના પર્વને કારણે ઉદ્યોગોમાં કામદારોની મોટી અછત સર્જાશે

અંકલેશ્વર: છઠ પૂજાના પર્વને કારણે અંકલેશ્વર, પાનોલી, ઝઘડિયા ઔદ્યોગિક વસાહતમાં કામદારોની મોટી ઘટ પડતાં સ્થાનિક ઉદ્યોગની ઉત્પાદન પ્રક્રિયામાં મુશ્કેલીનો સામનો કરવો પડશે. દેશભરમાં ધંધા-રોજગાર અર્થે વસતા પરપ્રાંતિય કામદારો છઠપૂજાના સમયે માદરે વતન ઉત્તર પ્રદેશ કે બિહાર તરફ કૂચ કરતાં હોય છે. જેની પ્રત્યક્ષ અસર ઉદ્યોગોની ઉત્પાદન ક્ષમતા ઉપર પડતી હોય છે. અંકલેશ્વર પાનોલી અને ઝઘડિયામાં જીઆઇડીસી વસાહતની વાત કરીએ તો અહીંના બે હજાર જેટલા કારખાનાઓમાં ફરજ બજાવતા અંદાજે ૩થી ૪ લાખ જેટલા કામદારો પૈકી અડધોઅડધ કામદારો છઠપૂજા પર્વ નિમિત્તે વતન પહોંચી જતાં હોય છે. ઉત્તર ભારતીય કામદારો સહ પરિવાર પોતાના વતન જતા હોય છે અને તેને પરિણામે એક થી દોઢ મહિના બાદ પરત ધંધા-રોજગાર અર્થે આવતા હોય સ્થાનિક ઉદ્યોગ સંચાલકો માટે કામદારોની મોટી અછત સહન કરવાની નોબત સર્જાતી હોય છે.

નિઝર-દેવાળા પીપલોદ માર્ગ પર વાહનની ટક્કરથી શિયાળ ઈજાગ્રસ્ત

કુકરમુંડા: નિઝર તાલુકાના નિઝરથી દેવાળા પીપલોદ વચ્ચેના માર્ગ પર એક ફોર-વ્હીલર વાહનની ટક્કરથી શિયાળ ઈજાગ્રસ્ત થયું હતું. ઘટનાની જાણ નિઝરના સ્નેક રેસ્ક્યુઅર વિશાલ પાડવીને થતાં તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા.

વિશાલ પાડવીએ ઈજાગ્રસ્ત શિયાળને સુરક્ષિત રીતે લઈ જઈ નિઝર ખાતેના પશુ દવાખાનામાં સારવાર કરાવી હતી. સારવાર બાદ શિયાળની સ્થિતિમાં સુધારો થતાં તેને ફરીથી કુદરતી વાતાવરણમાં સુરક્ષિત રીતે છોડી મૂકવામાં આવ્યું હતું.

Milano MULTIPLEX
બારડોલી
Ramayana: part 1
10:00am, 11:00am, 01:00pm, 02:00pm, 02:45pm, 05:00pm, 05:45pm, 06:25pm, 09:00pm, 09:30pm, 10:10pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


ધી ભરૂચ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી., ભરૂચ.
રેલ્વે સ્ટેશન સામે, હોટલ કરોના પાછળ, ભરૂચ-392 001
Ph.02642 - 240201, 240268, 240701,242421 :: Fax: 02642 - 241877, 240701, 252585
Email ID : ceo@bdccb.in Website : www.bdccb.in
નૂતન વર્ષાભિનંદન

અ.નં.	મુદત	વ્યાજનો દર	સિનીયર સીટીઝન
૧	૦૭ થી ૧૪ દિવસ સુધી	૩.૫૦ %	૩.૫૦ %
૨	૧૫ થી ૪૪ દિવસ સુધી	૩.૫૦ %	૩.૫૦ %
૩	૪૫ થી ૯૦ દિવસ સુધી	૫.૦૦ %	૫.૦૦ %
૪	૯૧ થી ૧૭૯ દિવસ સુધી	૫.૦૦ %	૫.૦૦ %
૫	૧૮૦ થી ૧ વર્ષની અંદર (૩૬૪ દિવસ સુધી)	૫.૫૦ %	૫.૫૦ %
૬	૧ વર્ષ અને તેથી વધુ પરંતુ ૨ વર્ષની અંદર (૩૬૫ થી ૭૨૯ દિવસ)	૬.૫૦ %	૭.૦૦ %
૭	૨ વર્ષ અને તેથી વધુ પરંતુ ૩ વર્ષની અંદર (૭૩૦ થી ૧૦૯૪ દિવસ)	૬.૫૦ %	૭.૦૦ %
૮	૩ વર્ષ અને તેથી વધુ પરંતુ ૪ વર્ષની અંદર (૧૦૯૫ થી ૧૪૫૯ દિવસ)	૬.૫૦ %	૭.૦૦ %
૯	૪ વર્ષ અને તેથી વધુ પરંતુ ૫ વર્ષની અંદર (૧૪૬૦ થી ૧૮૨૪ દિવસ)	૬.૫૦ %	૭.૦૦ %
૧૦	૫ વર્ષ (૬૦ માસ) (૧૮૨૫ દિવસ)	૬.૫૦ %	૭.૦૦ %

નોંધ : રીકરીંગ ડીપોઝીટ ૧ વર્ષ અને તેથી વધુ સમય માટે જ મુકી શકાશે

અમારા માનવંતા ગ્રાહકો માટે બેંક તરફથી આપવામાં આવતી અદ્યતન સેવાઓ :
(1) મોબાઈલ બેંકીંગ, ઈન્ટરનેટ બેંકીંગ તથા UPI જેવી અદ્યતન સેવાઓ દ્વારા નાણાં ટ્રાન્સફરની અને મેળવવાની સુવિધા.
(2) બેંક દ્વારા QR કોડ આપવાની સુવિધા.
(3) રૂા. 5 લાખ સુધીની ડિપોઝીટ રિઝર્વ બેંક દ્વારા સુરક્ષિત.
(4) બેંકની તમામ શાખાઓને RBI દ્વારા બેંકીંગ કામ કાજ કરવા અંગેનું લાઈસન્સ મળેલ છે.
(5) RTGS, NEFT તથા IMPS દ્વારા નાણાં ટ્રાન્સફર કરવાની સુવિધા તથા ઈમેજ ક્લયરીંગ દ્વારા દેશ ભરમાં ઝડપી ચેક ક્લીયરીંગની સુવિધા.
(6) બેંક દ્વારા 50 શાખાઓ, 385 માઈક્રો ATM તથા 28 મોટા ATM દ્વારા જીલ્લાનું સૌથી મોટું બેંકીંગ નેટવર્ક


અજયસિંહ એ. રણા, મેનેજીંગ ડીરેક્ટર | કરશનભાઈ જી. પટેલ, વાઈસ ચેરમેન | અરૂણસિંહ એ. રણા, ચેરમેન-ધી ભરૂચ ડી.સે.કો.ઓ.બેંક લી. ધારાસભ્ય-વાગરા વિધાનસભા મતવિસ્તાર
તથા બોર્ડ ઓફ ડીરેક્ટર્સ











શ્રી કડોદ સેવા સહકારી મંડળી લિ.
મુ.પો. કડોદ, આનકેશ્વર રોડ, તા. બારડોલી, જિ. સુરત. મો. નં. 9979646247
મંજુર થયેલ શેર ભંડોળ - 125000
ભરપાઈ થયેલ શેર ભંડોળ - 110060
રીઝર્વ ફંડ - 8,98,973.84
અન્ય ફંડો - 3,17,20,598.82
સભાસદ સંખ્યા - 1918
ઓડીટ વર્ગ - 'અ'
વર્ષ 2025-2026 કુલ વેચાણ - 12,79,34,193.77
અમારી સંસ્થામાં દરેક કંપનીના રાસાયણિક ખાતર, દિવેલી, લીબોડી, સેન્દ્રીય ખોળ, જંતુનાશક દવા, નિંદામણનાશક દવા, જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ તેમજ ડાંગર બિયારણ વ્યાજબી ભાવે મળશે.
સર્વે સભાસદ ભાઈઓ-બહેનોને નવા વર્ષના સાલ મુબારક (નૂતન વર્ષાભિનંદન)
શ્રી બાલુભાઈ પી. પ્રજાપતિ, પ્રમુખ
શ્રી કિરણભાઈ ડી. પટેલ, ઉપપ્રમુખ
શ્રી નરેશભાઈ સી. પટેલ, ઈન્ચાર્જ મેનેજર
તમામ વ્યવસ્થાપક કમિટિના સભ્યોશ્રી

જાહેર જનતા જોગ
આથી હું નીચે સહિ કરનાર રંગરેજ મહમદઅવેશ મહમદસલીમ જે મારૂ ખરૂ અને સાચુ નામ છે અને આધારકાર્ડ, સ્કુલ એલસી તથા ચૂંટણીકાર્ડમાં પણ આજ નામ ચાલે છે પરંતૂ પાસપોર્ટમાં મારા પિતા સાથેનું રંગરેજ મહંમદ અવેશ મહમદ સલીમ ચાલે છે જેથી રંગરેજ મહમદઅવેશ મહમદસલીમ તથા રંગરેજ મહમદ અવેશ મહમદ સલીમ આ બન્ને નામથી હું ઓળખાઉ છું જેની જનતાએ નોંધ લેવી.
લી.
રંગરેજ મહમદઅવેશ મહમદસલીમ
કોસંબા

દિવાળી તથા નવા વર્ષની શુભ પ્રભાતે
સૌને હાર્દિક નુતન વર્ષાભિનંદન
"વિના સહકાર નહીં ઉદ્ધાર"
શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી,
મુ. પંડવાઈ, પો. સીસોદરા, તા. હાંસોટ, જી. ભરૂચ
મો. ૯૬૨૫૧ ૭૦૦૦૬,૯૬૦૬૦ ૧૧૦૫૩
રજીસ્ટ્રેશન નંબર : સે-૬૫
બોંયણી તારીખ : ૨૬-૦૭-૧૯૬૦, ઓડીટ વર્ગ-અ
ધિલાણ ક્ષમતા ૪૮૦૦ મે. ટન
ડીસ્ટીલરી : 33 કે.એલ./દિવસ - રેકટીફાઈડ સ્પીરીટ/ઈથેનોલ
—: શુભેચ્છા સહ :—
ઈશ્વરસિંહ પટેલ
રાજ્યકક્ષાના મંત્રી પાણી પુરવઠા અને જળ સંપતિ (સ્વતંત્ર હવાલો)
પ્રમુખ
શ્રી મુકેશ પટેલ, ઈ. મેનેજીંગ ડીરેકટરશ્રી
શ્રી અરવિંદભાઈ પટેલ, ઉપ-પ્રમુખ
તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યશ્રીઓ, સભાસદશ્રીઓ તથા કર્મચારીગણ

રજી.નં. સે.૪૮૪૩ સ્થા.તા. ૧૪-૧૦-૧૯૬૮ ફોન નં. (૦૨૬૨૧) ૨૫૬૫૧૬ / ૮૫૧૧૩ ૫૬૫૧૬
શ્રી કઠોર વિભાગ નાગરિક બચત અને ધિરાણ સહકારી મંડળી લિ.,કઠોર
' સહકાર સદન ',વાણીયાવાડ, મુ.પો. કઠોર-૩૯૪૧૫૦, તા. કામરેજ જી. સુરત.
દિવાળી તેમજ નવા વર્ષની સૌને હૃદયપૂર્વક શુભકામના...
તારીખ ૩૧-૦૩-૨૦૨૬ નાં રોજ

મંજુર થયેલ શેરભંડોળ	૧,૦૦,૦૦,૦૦૦=૦૦	ભરાયેલું શેરભંડોળ	૩૬,૫૨,૮૦૦=૦૦
ફરજીયાત બચત થાપણ	૬,૧૩,૮૧,૬૧૩=૦૦	લોનબચત	૬,૪૭,૦૬,૧૧૭=૦૦
થાપણ બાંધી મુદત	૪,૪૨,૦૬,૪૨૮=૦૦	રીઝર્વ ફંડ તથા અન્ય ફંડો	૩,૧૮,૦૧,૬૯૧=૯૪
રીકરીંગ (માસીક તથા ડેઈલી)	૩,૦૪,૯૩,૭૧૩=૦૦	સેવિંગ્સ	૮૮,૪૩,૮૮૬=૦૦
ધિરાણો	૧૬,૨૩,૬૨,૪૫૩=૦૦		

ઓડિટ વર્ગ : સ્થાપના કાળથી "અ"
પ્રમુખશ્રી, પંકજ હીરાલાલ પટેલ | ઉપપ્રમુખશ્રી, ભરતભાઈ ભીખુભાઈ પટેલ | માનદ્ મંત્રીશ્રી, હિમાંશુકુમાર કાંતિલાલ સુરતી
સહમંત્રીશ્રી, પરેશકુમાર સોમેશ્વર ત્રિવેદી | મેનેજરશ્રી, વિરલકુમાર હસમુખભાઈ પટેલ

